એડહોક બઢતી આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃએસએલટી-૧૦૨૦૧૮-૧૬૨૮૧૪-ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ- (૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૦૯/૧૯૮૧ના ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૮૦-૮૯૫-ગ.૨
(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૪/૧૯૮૩ના ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૮૦-૮૯૫-ગ.૨
(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૧૦/૧૯૯૩ના ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૮૦-૮૯૫-ગ.૨

# પરિપત્ર

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ઉપરના ક્રમ નં. (૧) પરના ઠરાવથી કર્મચારી/અધિકારી સામે ખાતાકીય તપાસ ચાલુ/પડતર હોય તે સંજોગોમાં બઢતી સમિતિ ધ્વારા સંબંધિત કર્મચારી/અધિકારીને મોહરબંધ પરબીડિયામાં ભલામણ રાખવામાં આવે છે. અને બે(૨) વર્ષ બાદ વંચાણે લીધા ક્રમ નં. (૨) અને (૩) પરના ઠરાવોની જોગવાઇને ધ્યાને લઇને એડહોક બઢતી આપવાની વિચારણા કરવામાં આવે છે. પરંતુ કોઇ સંજોગોમાં કર્મચારી/અધિકારી સામે ચાલતી ખાતાકીય તપાસ લાંબાગાળા સુધી ચાલુ રહેવાના લીધે તેના સાથેના કર્મચારી/અધિકારીઓને બીજા તબકકાની બઢતી આપવાના પ્રસંગે સંબંધિત કર્મચારી/અધિકારીને બીજા તબકકાની બીજી એડહોક બઢતી અંગે શું વિચારણા કરવી તે બાબતે રાજય સરકાર ધ્વારા નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૦૯/૧૯૮૧ની સૂચનાને ધ્યાને લઇને જો બઢતી સમિતી ધ્વારા કર્મચારી/અધિકારીને બઢતી સમયે ખાતાકીય તપાસના લીધે મહોબંધ પરબીડિયામાં ભલામણ રાખેલ હોય અને બે વર્ષ બાદ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૪/૧૯૮૩ અને તા.૩૦/૧૦/૧૯૯૩ના ઠરાવની જોગવાઇ અંતગર્ત એકવાર એડહોક બઢતી આપેલ હોય અને ત્યારબાદ જો કર્મચારી/અધિકારીની ખાતાકીય તપાસ ચાલુ/પડતર અથવા કોર્ટમાં કેસ પડતર હોવાને લીધે એડહોક બઢતી નિયમિત થયેલ ન હોવાથી તેઓને સંબંધિત સંવર્ગની પ્રવરતાયાદીમાં સ્થાન પ્રાપ્ત થતુ નથી. તેવા સંજોગોમાં આવા સંબંધિત કર્મચારી/અધિકારીને બીજી એડહોક બઢતી અંગે વિચારણા કરવાની રહેશે નહીં.

૩. ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગોને સૂચના આપવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

જ.પ.ત્રિવેદી

(જવલંત ત્રિવેદી)
અધિક સચિવ(ક.ગ),
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

**પ્રતિ,**

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, હિમાલયા મોલ નજીક, વસ્ત્રાપુર, અમદાવાદ.

સચિવાલયનાં તમામ વહીવટી વિભાગો તરફ તેમનાં તાબા હેઠળનાં ખાતાનાં વડા અને કચેરીનાં વડાને જરૂરી સુચનાઓ આપવાની વિનંતી સહ.

સા.વ.વિ.નાં સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ

કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ GSWAN વેબસાઈટ પર સા.વ.વિ./ગ-૨ શાખાનાં ફોલ્ડરમાં પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.

પસંદગી ફાઈલ

- પત્ર દ્વારા.